# બ્રૅમ્પટન:
# કલામય ભવિષ્ય

## સિટી ઓફ બ્રૅમ્પટનની જાહેર કલા અંગેનો વ્યુહ

સિટી ઓફ બ્રૅમ્પટન જાહેર કળાને જીવંત, સમૃદ્ધ અને સર્વસમાવેશી શહેરો બનાવવા માટેનું એક મૂલ્યવાન સાધન તરીકે માન્યતા આપે છે.

આ વ્યૂહરચના બ્રૅમ્પટનના સર્જનાત્મક સમુદાયના વ્યાવસાયિકીકરણને વિવિધ જાહેર કલા પ્રોજેક્ટ્સ દ્વારા સમર્થન આપે છે, જે નિવાસ, માર્ગદર્શન, તાલીમ કાર્યક્રમો અને અન્ય તકો પ્રદાન કરે છે.

બ્રૅમ્પટન કલામય ભવિષ્યમાં સાત વ્યુહાત્મક સ્તંભોનો સમાવેશ થાય છે:

વૈવિધ્ય અને સમાવેશીતા
સમુદાયિક જોડાણ
સમન્વય અને સ્વદેશીકરણની પહોંચ
સર્જનાત્મકતા અને નાવિન્ય સહયોગને સમર્થન
એકધારો નિવેશ

આ વ્યુહરચના વિશે વધુ જાણકારી મેળવવા માટે **brampton.ca/**publicart ની મુલાકાત લો

BRAMPTON



Gujarati

જ્યાં સંસ્કૃતિ અને સમુદાયનું મિલન થય છે

# બ્રૅમ્પ્ટનની જાહેર કલાને જાણો

---

### મારો નેબરહૂડ આર્ટ પ્રોજેક્ટ

આ પ્રોગ્રામ બ્રૅમ્પ્ટનમાં રહેલ સમુદાયોમાં હંગામી તરત કરેલ જાહેર કલાકૃતિઓ સહ-સર્જન કરવા માટે રહેવાસીઓ અને કળાકારોને જોડે છે. કલાકારો દ્વારા ચાલતા વર્કશોપ મારફતે, બધા ઉંમરના પાડોશીઓ વિચાર અને સર્જનાત્મકતા વહેંચે છે જે જીવંત જાહેર કલા માટે પ્રેરણા આપે છે અને પાડોશની જગ્યાઓને સુંદર બનાવે છે.

### બ્રૅમ્પટન બોક્સ્ડ - ટ્રાફિક બૉક્સ આર્ટ પ્રોગ્રામ

આ પ્રોગ્રામ ઉભરતા કલાકારોને સામેલ કરે છે જમાં ટ્રાફિક કંટ્રોલ બોક્સિસને શોભાયમાન બનાવવા માટે જાહેર કલાનું સર્જન કરવામાં અવે છે. બોક્સ્ડ આર્ટવર્ક્સ શહેરની અનન્ય ઓળખને ઉજવે છે અને બ્રૅમ્પટનના સ્વરૂપ અને કથાઓને અંકિત કરે છે

### ટ્રેઇલ્સ અને પાથવેઝ પર જાહેર કલા

આ જાહેર કલા પહેલ શહેરના બગીચા અને માર્ગપ્રણાલી તંત્રમાં સ્થળ-વિશિષ્ટ, અસ્થાયી કલા સ્થાપનાઓની શ્રેણી જોવા માટે જનતાને આમંત્રિત કરે છે. "આ કલા કૃતિઓ ખાસ આ જગ્યાઓ માટે પસંદ કરવામાં આવી છે, જેથી અણધાર્યા દૃશ્ય તત્વ ઉમેરાય અને દર્શકોને તેમના માર્ગમાં અચાનક તે જોવા મળે.

### કન્વિનિયન્ટ આર્ટ

8 નેલ્સનના મેઇન ફ્લોર પર આવેલા ખાલી દુકાનમાં સ્થિત 'કન્વીનિયન્ટ આર્ટ' એક અસ્થાયી પ્રદર્શન સ્થળ છે, જે બ્રૅમ્પટનના ઉદયમાન કલાકારોને સમર્થન આપે છે. આ જગ્યામાં સ્થાપિત કલા કૃતિઓ દુકાનની બારીઓમાંથી 24/7 જોવા મળી શકશે.

આ વાર્ષિક કાર્યક્રમો ઉપરાંત, શહેર પાસે જાહેર કલા સ્થાપનાઓ, ભિતીચિત્રો, સ્મારકો અને સ્મૃતિચિહ્નોનો એક રોમાંચક સંગ્રહ પણ છે.

**brampton.ca/**publicart

BRAMPTON